# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ગુગલ ફોર બિઝનેસ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧ જૂન, ૨૦૨૧ના રોજ 'ગુગલ ફોર બિઝનેસ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ગુગલ કલાઉડ પાર્ટનર એન્ડ ગુગલ સર્ટિફાઇડ ટ્રેનર કોમલકુમાર શાહે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

કોમલકુમાર શાહે જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની વર્તમાન પરિસ્થિતિને કારણે ઓફિસ વર્કમાં ૫૦ ટકા સ્ટાફ સાથે અડધા દિવસ માટે કામગીરી કરવામાં આવી રહી છે. આથી અડધા દિવસમાં અડધા સ્ટાફ સાથે સંપૂર્ણ કામ કરવા માટે ટેકનોલોજીનો સહયોગ લેવો પડશે. એના માટે ગુગલની જેટલી એપ છે કે જે વિનામૂલ્યે બિઝનેસ માટે ઉપલબ્ધ છે તેનો ઉપયોગ બિઝનેસ માટે કરવો જોઇએ. તેમણે પૂર્ણપણે બિઝનેસ સુટ એવા ગુગલ વર્કસ્પેસ એપ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બિઝનેસ માટે તેમજ ઓફિસના અન્ય કામો કરવા માટે આ એપના ચાર પોઇન્ટ જેવા કે કનેકટ, ક્રિએટ, એકસેસ અને કન્ટ્રોલના ઉપયોગ વિશે સમજણ આપી હતી.

તેમણે કલાઉડ કોમ્પ્યુટીગ પ્રોડકટીવિટી કોલાબોરેશન વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સોફટવેરના ઉપયોગથી બધી જ ફાઇલો એક સ્થળે કલાઉડ ઉપર ઉપલબ્ધ રહેવાથી ઓફિસના પંદર કર્મચારીઓ ફેસ ટુ ફેસ વ્યવસ્થિત રીતે કામ કરી શકે છે. તેઓ સમયસર યોગ્ય નિર્ણય લઇને કામને પૂર્ણ કરી શકે છે. કલાઉડ ઉપર ડેટા સ્ટોર કરી સુરક્ષિત પણ કરી શકાય છે. જેથી ઓફિસની સાથે સાથે ઘરેથી પણ સરળતાથી ફાઇલ સર્ચ કરીને કામ કરી શકાય છે. તેમણે કહયું કે, અનલિમિટેડ સ્ટોરેજ સ્પેસ મળે છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન કમલેશ ગજેરાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. જ્યારે ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યુ હતું. અંતે ચેમ્બરની ડિજીટલ માર્કેટીગ કમિટીના સભ્ય જયદિપસિંહ પરમારે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું.